# ઈડીઆઈ ઓગસ્ટમાં પ્રોગ્રામ યોજશે વેબસાઈટના માધ્યમથી સ્ટાર્ટ અપ વિશેનું માર્ગદર્શન અપાશે

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ઈડીઆઈ ક્રેડેલ દ્વારા ઓગસ્ટ મહિના થર્ડ વીકમાં વેબસાઈટના માધ્યમથી સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે ઉપયોગી સરકારી યોજનાનું માર્ગદર્શન આપવા માટે ઈડીઆઈ દ્વારા વેબીનાર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવશે.

ક્રેડેલ ઈડીઆઈના સીઈઓ મંયક પટેલે જણાવ્યું હતું કે, 'વેપાર-ધંધો શરૂ કરવા ઈચ્છતા, ઉદ્યોગ સાહસિક બનવા માંગતા વિદ્યાર્થીઓ કે આંત્રપ્રિન્યોર, સંશોધકો, પીએચડી સ્કોલરને સ્ટાર્ટઅપ શરૂ કરવા તેમજ સ્ટાર્ટઅપને આગળ ધપાવવા આર્થિક ભંડોળ ખૂબ જ અગત્યનું અને મહત્ત્વપૂર્ણ છે.

## વેબિનાર અંગેની વિગતો EDIની સાઈટ પર મુકાશે

ઈડીઆઈના આ વેબીનાર સેમિનારમાં ભાગ લેવો હોય તો શું કરવું?, ઈડીઆઈની વેબિનારની લીન્ક સહિતની વિગતો ઈડીઆઈની વેબસાઈટમાં મૂકાશે. વેબિનાર જોવા માગતા વિદ્યાર્થીઓને ઈડીઆઈની cradle-edi.in વેબસાઈટ જોતા રહેવાની સૂચના અપાઈ છે.

જેને ધ્યાનમાં લઈ વેબીનાર કાર્યક્રમ ડિઝાઈન કર્યો છે. સ્ટાર્ટઅપ શરૂ કરવા રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ, સ્કીમનો લાભ મેળવવાની લાયકાત અંગે અને અરજીની પ્રક્રિયા, ઓનલાઈન જાણકારી અપાશે.